અપીલ અરજી નં.૭૩ તા.૨૪–૬–૦૮

અરજદારઃ શ્રી ડોડીયા વિશ્રામભાઈ લક્ષ્મણભાઈ
સામાવાળાઃ ડે.કમિશ્નર(હે.અને હો.) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)

## *હુકમ:–*

***વિષય:***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડોડીયા વિશ્રામભાઈ લક્ષ્મણભાઈનીતા.૨–૬–૦૮ ની અરજીથી તા.૧૪–૬–૦૩ ના રોજ રૂદરપુરા હેલ્થ કેમ્પ ખાતે પાર્ટપાઈમ સફાઈ કામદાર–બેલદારની જગ્યામાટે લીધેલ ઈન્ટરવ્યુમાં કેટલા કામદારોને સીલેકશન કરેલ તેમજ કેટલા સીલેકશન ન કરેલ તેમનાતમામના નામ સાથેની યાદી કારણો સાથે તેમજ કયા કારણોસર પસંદગી થયેલ નથી તેની તમામ વિગતો સાથેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૪–૬–'૦૮ ની અપીલ અરજી નં.૭૩/–૦૮–૦૯

શ્રી ડોડીયા વિશ્રામભાઈ લક્ષ્મણભાઈની તા.૨–૬–૦૮ ની અરજીથી તા.૧૪–૬–૦૩ ના રોજ રૂદરપુરા હેલ્થ કેમ્પ ખાતે પાર્ટપાઈમ સફાઈ કામદાર–બેલદારની જગ્યા માટે લીધેલ ઈન્ટરવ્યુમાં કેટલા કામદારોને સીલેકશન કરેલ તેમજ કેટલા સીલેકશન ન કરેલ તેમના તમામના નામ સાથેની યાદી કારણો સાથે તેમજ કયા કારણોસર પસંદગી થયેલ નથી તેની તમામ વિગતો સાથેની માહિતી આપવા બાબતે અરજદારે જણાવ્યા મુજબ મને માંગ્યા મુજબની માહિતી મળી નથી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો આપેલ માહિતીમાં કોઈ વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૬૬ તા.૧–૭–૦૮થી ડે.કમિશ્નર (હે. અને હો.) અને જાહેર માહીતી અધિકારી (આરોગ્ય) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૦ તા.૮–૭–૦૮ થી પૂરક માહિતી અત્રેના વિભાગને પૂરી પાડવામાં આવેલ. જે અનુસાર અરજદારને તેમના તા.૧૩–૬–૦૮ ના પત્રથી માહિતી પૂરી પાડી પસંદગી નહીં થયેલ ઉમેદવારોની માહિતી ઘણી મોટી હોઈ ઈન્સ્પેકશન કરી જવા જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨–૬–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી સામાન્ય સભાના ઠરાવ નં. ૫૮/૨૦૦૩,તા.૨૬–૨–૦૩ અનુસાર પાર્ટ ટાઈમ રોજીંદા સફાઈ કામદારો/બેલદારોની ઉપસ્થિત કરવામાં આવેલ, જગ્યાઓ માટે પસંદગી સમિતિ ધ્વારા લેવામાં આવેલ ઉમેદવારોમાં ઉત્તીણ થયેલ ઉમેદવારોની બનાવવામાં આવેલ પસંદગી યાદી,પીએચડી/પીઓ/આરટીઆઈ/૧૩ તા.૧૩–૬–૦૮ થી અરજદારને પૂરી પાડેલ છે. તથા નહીં પસંદ થયેલ ઉમેદવારોની યાદી અંગે રૂબરૂ ઈન્સ્પેકશન આપવા અરજદારને જણાવેલ છે. જે કાયદાની જોગવાઈ સાથે સુસંગત હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૭ (૯) સાથે રાખતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી આગોતરો સમય માંગી દિન –૭ માં ઈન્સ્પેકશન મેળવી ઈન્સ્પેકશનના અનુસંધાને ખપ પૂરતી નકલો મેળવી શકે છે.અરજદારે તેમ કર્યેથી અમલવારી કરવા ડે.કમિશ્નર (હે.અનેહો.) જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે તથા કરેલ કાર્યવાહીની વિગતો અત્રે મોકલવા જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ડે..કમિશ્નર(હે. અને હો.) અને જાહેર માહિતી અધિકારી, (આરોગ્ય) ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડોડીયા વિશ્રામભાઈ લક્ષ્મણભાઈ,